# ડીસા હાઈવે પરથી લીલાં લાકડાં ભરેલી મીની ટ્રક ઝડપાઈ

ડીસા, તા. ૩૧

ડીસા પથકમાં છેલ્લા ઘણા સમયથી લીલા વૃક્ષોનુ બેફામ કટીંગ કરાઈ શો મીલોમાં વેચાણ અર્થે લવા રહેલ છે. આ અનઅધીકૃત વેપારમાં વહેલી સવારથી જ પાટણ રોડથી ડીસા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ શો મીલો પર હજારો ટન લાકડુ ઠલવાઈ રહ્યુંછે. જેમાં સ્થાનીક ફોરેસ્ટ અધીકારીઓની મીલી ભગતથી ચાલતા આ વેપાર પર ડીસા મામલતદારે તવાઈ લવેલ છે.



જેમાં ગઈકાલ સાંજે ડીસા પાલનપુર હાઈ-વે પરથી લીલા વૃક્ષ ભરેલી ટ્રક મામલતદાર ના હસ્તે ઝડપાતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી, આ ટ્રક દાંતીવાડા સરદાર કૃિ યુનીવર સીટી માંથી વગર પાસ પરમીટે લાકડા ભરી આવી હતી.

લાકડા ભરેલ ટાટા કંપનીની મીની ટ્રક ૬૦૭ જેનો નંબર - જી.જે.૭.એક્ષ .૧૨૬૦ ડીસા મામલતદાર નવલદાન ગઢવી દ્વારા અટકાવવામાં આવી હતી. પ્રાથમીક તપાસમાં આ લાકડા શો મીલો પર વેચાણ અર્થે લઈ જવાતા હતા.જો કે તે દરમ્યાન ડીસા શહેરના મામલતદાર નવલદાન ગઢવી ના નજરે ચડતા ડીસા મામલતદારે ડીસા પાલનપુર હાઈ-વે પરથી આ ટ્રકનો ઝડપી મામલતદાર કચેરી ખાતે લાવી લાકડાના માલીક ઓડ બાબુભાઈ માવજીભાઈ પાસેથી સાત હજાર નવ સો રૂપીયાના દંડ વસુલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જો કે ડીસા શહેરમાં રાત્રી દરમ્યાન અસંખ્ય ટ્રેકટરો ડીસા થી પાલનપુર હાઈ-વે તરફ જતા નજરે પડે છે. પરંતુ તંત્ર દ્વારા આ લીલા લાકડા ભરેલા વાહનોને થોભી કાયદેસરની કાર્યવાહી હાથ ધરે તે જરૂરી છે.

## ડીસાના નવા વાસણા ગોળીયા ગામની યુવતી પર બળાત્કાર કેસમાં બાર ઈસમો વિરૂદ્ધ પોલીસ ફરીયાદ

ડીસા, તા. ૩૧

ડીસા તાલુકાના નવા ગોળીયા વિસ્તારમાં રહેતી એક યુવતીને બાજુમાં રહેતા એક યુવકે જાર કર્મ કરવાના ઈરાદે બોલેરો ગાડીમાં બળ જબરી નાખી ભગાડી ગયો હતો. યુવકે પીડીત યુવતીને અમદાવાદ સહીત વિવિધ સ્થળોએ ફેરવી તેની મરજી વિરૂધ્ધ અનેકો વાર પાસવી બળાત્કાર ગુજાર્યો હતો. પીડીત યુવતીએ ડીસા તાલુકા પોલીસ મથકે બળાત્કાર ગુજારનાર યુવક તેમજ મદદગારી કરનાર અન્યો સહીત કુલ બાર ઈસમો સામે ડીસા તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોધાવી હતી. પોલીસે આ મામલે ધનિષ્ઠ તપાસ હાથ ધરતા ચકચાર જાગેલ છે.

ડીસા તાલુકાના નવા વાસણા ગોળીયા ખાતે રહેતા દેવાજી વનાજી માળી ની પુત્રી ને ગત ૧૧ મી મે ૨૦૧૨ ના રોજ અર્પણ ઉર્ફે અલ્પેશ શાંતીલાલ ગેલોત રહે. જુના વાસણા ગોળીયા તાલુકો-ડીસા વાળો એક સફેદ બોલેરો ગાડીમાં જાર કર્મ કરવાના ઈરાદે બળજરી પુર્વક ઉઠાવી ભાગી છુટયો હતો. યુવતીને લઈ ભાગેલ અલ્પેશ ગેલોત તે બાદ અમદાવાદ બાપુનગર પોલીસ ચોકી સામે આવેલ એક ગેસ્ટ હાઉસમાં રોકાયો હતો. અને યુવતી પર તેની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. તે બાદ યુવતી ને લઈ આ યુવક અનેકો જગ્યાએ ફર્યો હતો. અને યુવતી સાથે તેની મરજી વીરૂધ્ધ ધાક ધમકી આપી અનેકોવાર પાસ્વી બળાત્કાર ગુજાર્યો હતો. જયારે બીજી તરફ પીડીત યુવતીના માતા - પિતાએ યુવતીની શોધખોળ હાથ ધરી હતી. જેમાં આજરોજ પીડીત યુવતીએ ડીસા તાલુકા પોલીસ મથકે પહોચી આરોપી અર્પણ ઉર્ફે અલ્પેશ શાંતીલાલ ગેલો ત પર અપહરણ અને બળાત્કાર ની ફરીયાદ આપી હતી. યુવતીએ આ યુવકના ગુન્હાહીત કૃત્યમાં મદદગારી કરી યુવતી પર લગ્ન કરવા વારંવાર દબાણ કરનાર પ્રવિણ સોમાભાઈ માળી, રાજુ સોમાભાઈ માળી, શાંતીલાલ વીરાજી માળી, ભગવતીબેન શાંતીલાલ માળી, રણછોડજી લખાજી માળી, દલાજી ગંગારામભાઈ માળી, તમામ રહે.જુના વાસણા ગોળીયા તાલુકો-ડીસા તેમજ ભગવરલાલ માળી રહે બાલોત્રા રાજસ્થાન, કાંતીલાલ કપુરજી માળી રહે.ભીલડી, કેશાજી પુનમાજી માળી રહે. નવા ગોળીયા - તાલુકા-ડીસા, ચુનીલાલ ઉમેદજી માળી રહે.માલગઢ તેમજ રણછોડજી રતાજી માળી રહે.અમી સોસાયટી -ડીસા વાળાઓ વિરૂધ્ધ ધોરણસર ફરીયાદ આપી હતી. જે આધારે ડીસા તાલુકા પોલીસે તમામ બાર આરોપીઓ વિરૂધ્ધ અપહરણ, બળાત્કાર તેમજ મદદગારી વિગરે મુજબનો ચાર્જ લગાવતી એફ. આઈ. આર. દાખલ કરી ધોરણસર તપાસ હાથ ધરત ચકચાર જાગેલ છે.

## વિજયનગર પોલીસ મથકના પી.એસ.આઈ. ૧૫ હજારની લાંચ લેતા પકડાયા

હિંમતનગર, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર પોલીસમથકના પી.એસ.આઈ. રૂ. ૧૫ હજાર પોલીસમથકમાં લાંચ લેતા મંગળવારના રોજ અમદાવાદ લાંચ રૂશ્વત ખાતાએ પંચો સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. આ સમાચાર વાયુવેગે જિલ્લામાં ફેલાઈ જતા પોલીસ બેડામાં ચહલપહલ મચી જવા પામી હતી. વિજયનગર તાલુકાના ઉમિયાનગર કમ્પામાં બે મહિના પહેલા બનેલી ઘટનામાં વડાલી તાલુકાના ભાણપુર કમ્પાના રહીશે વિરેન્દ્રસિંહ દીપસિંહ ભાટી તથા રામપુર કમ્પાના રહીશ મુકેશભાઈ તથા અરવિંદભાઈને હાજર કરવા તાકીદ કરી હતી. જેમાં દીપસિંહ ભાટીએ આ બંને ભાઈ નિર્દોષ છે અને તે દિવસે બનેલી ઘટનામાં હાજર ન હોવાનું જણાવ્યું હતું. જેથી પી.એસ.આઈ. વાળાએ દીપસિંહને કહેલ કે રૂ. ૫૦ હજાર આપો તો તેમનું નામ કાઢી દઈશ તેથી દીપસિંહે રૂ. ૧૫ હજાર આપવાનું કહ્યું હતું. જે સંદર્ભે દીપસિંહ ભાટીએ અમદાવાદ લાંચ રૂશ્વત ખાતા ફરિયાદ આપી હતી.

ત્યારબાદ અમદાવાદ લાંચ રૂશ્વત ખાતાના પી.આઈ. કે.ટી. કામરીયા, આર.એચ. ચશ્મા સ્ટાફ અને પંચો સાથે સોમવારના રોજ વિજયનગર ગયા હતા. અને દીપસિંહ ભાટીએ પી.એસ.આઈ.નો સંપર્ક કરતા એમ.સી.વાળાએ જણાવેલ કે હું પોલીસમથકે નથી અને મગંળવવારના રોજ સવારે ૧૦ વાગે આવજો તેથી મંગળવારના રોજ દીપસિંહ ભાટી પોલીસમથકે પહોંચી ગયા હતા અને વાતચીત થયા મુજબ ૧૫ હજાર દીપસિંહ ભાટીએ આપતા પી.એસ.આઈ. એમ.સી. વાળાએ પોતાની વિજિટબુકમાં મુકવા આગળ મુકી હતી તે દરમિયાન દીપસિંહ ભાટી લાંચ રૂશ્વત ખાતાના પી.આઈ.ને જાણ કરતા તુરંત અંદર આવી ગયેલા અને રંગેહાથ પંચો રૂબરૂ તેમને રૂ. ૧૫ હજાર સાથે પકડી પાડ્યા હતા.

### દિપડા દરવાજા હત્યાકાંડ સંદર્ભે વિસનગર સ્વયંભૂ બંધ

મહેસાણા, તા. ૩૧

મહેસાણા જિલ્લાના વિસનગર દિપડા દરવાજા હત્યાકાંડના ચૂકાદામાં ૨૧ આરોપીઓને થયેલ આજીવન કેદની સજાના પગલે આજે વિસનગર શહેરમાં સ્વયંભૂ બંધ પળાયો હતો. બંધને લઈને શહેરમાં આવેલ માર્કેટયાર્ડ, નાના મોટા બજારો શાળા કોલેજો તેમજ ઔદ્યોગિક એકમો સંપૂર્ણ બંધ રહ્યા હતા. બંધને કારણે જનજીવન પર અસર પડી હતી. બંધ દરમિયાન પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

### ચંડીસર જી.આઈ.ડી.સીમાં સોલવન્ટ પ્લાન્ટ માં થતા પોલ્યુશન અટકાવવા પોલ્યુશન કંટ્રોલ બોર્ડમાં ફરીયાદ

ડીસા, તા. ૩૧

ચંડીસર જી.આઈ.ડી.સી ખાતે ચાલતા એક સોલવન્ટ પ્લાન્ટ માં મોટા પાયે પદુષણ ફેલાતુ હોવીની સ્થાનીકોએ રાડ ફરીયાદ કરી હતી. આ વિસ્તારના સ્થાનીક રહીશોએ તે બાદ આ મામલે પદુષણ ફેલાવતા એકમને બંધ કરવા લેખીત ફરીયાદ કરતા ચકચાર જાગેલ છે.

ચંડીસર જી.આઈ.ડી.સી ખાતે વૈષ્ણોદેવી સોઈલ એન્ડ સોલવન્ટ પ્લાન્ટ આવેલ છે. આ પ્લાન્ટ છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારમાં કાર્ય રત છે. જો કે આ પ્લાન્ટમાં અનેક ખામીઓ રહેલ છે. જેનાથી મોટા પાયે આ વિસ્તારમાં પોલ્યુશન ફેલાય છે. આ વિસ્તારના રહીશોએ આ પ્લાન્ટ વિરૂધ્ધ કાર્યવાહી કરવા પોલ્યુશન કંટ્રોલ બોર્ડ જનરલ મેનેજર અને ડાયરેકટર પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ગાંધીનગરને લેખીતમાં ફરીયાદ કરેલ છે. સ્થાનીકોએ તેમની ફરીયાદમાં જણાવેલ છે કે આ પ્લાન્ટમાં હાની કારક પોલ્યુશનના નાસ માટે દસ્ટ કલેકટર સાધન વસાવેલ નથી તથા નીયમ મુજબ ચિમની ઉંચી રાખેલ નથી તેમજ બળતર તરીકે નિયમ મુજબ પદાર્થ વપરાતો નથી જેનાથી ભય જનકરીતે પોલ્યુશન થઈ રહેલ છે. આ પોલ્યુશનથી આ ફેકટરી થી સો મીટર દુર રહેતા રહીશો પીડીત અને પ્રભાવીત બને છે. આમ આ શોલવન્ટ પ્લાન્ટ જાહેર દુષણ બનેલ છે. તેવું લેખીત ફરીયાદમાં જાહેર કરી આ વિસ્તારના સ્થાનીકોએ આ પ્લાન્ટ સામે યોગ્ય કાર્યવાહી કરવા રજુઆત કરી હતી. જેનાથી પદુષણ ફેલાવતા આ પ્લાન્ટ પર વહીવટી તંત્રની ગંભેતેક્ષણેતવાઈ આવે તેવી પરીસ્થીતી પેદા થયેલ છે.



## બાલારામ મહાદેવનું ધામ દશામાની મૂર્તિ વિસર્જનથી બન્યું ગંદકીનું ધામ

### પ્લાસ્ટિક ઓફ પેરીસની મૂર્તિઓ નદીને કરે છે, પ્રદૂષિત નદીને દૂષિત કરવા સામે શિવભક્તોએ દર્શાવી નારાજગી

પાલનપુર, તા. ૩૧

ઉત્તર ગુજરાતનું મીની કાશ્મીર ગણાતા બાલારામ મહાદેવ ખાતે ''દશામાં''ની મૂર્તિઓનું વિસર્જન કરાતા બાલારામ ધામ ગંદકીના ધામમાં ફેરવાયું છે. સરકારના પ્રતિબંધ છતા પ્લાસ્ટિક ઓફ પેરીસની બનેલી મૂર્તિઓ બાલારામ નદીમાં પધરાવી દેવાતા નદીની સુંદરતાને ગ્રહણ લાગવાની સાથે લોકોની ધાર્મિક આસ્થાને પણ ઠેસ પહોંચી છે.

પ્રકૃતિના ગોદમાં બિરાજમાન બાલારામ મહાદેવ ખાતે બારેમાસ સહેલાણીઓ આવતા હોય છે. એમાંય વળી, શ્રાવણમાસમાં તો ભકિતનું ઘોડાપુર ઉમટે છે. જોકે, દશામાંના વ્રતની પુર્ણાહૂતિ ટાણે વ્રતધારી બહેનો ધ્વારા બાલારામ નદીમાં દશામાંની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું છે. જેના પગલે ફેલાયેલી ગંદકીને કારણે શિવભકતો સહિત સહેલાણીઓએ નારાજગી વ્યકત કરી હતી. નદીમાં ન્હાવાની મજા માણવા બાલારામ આવેલા બાલ શિવભકતોએ આ ઘટનાને દશામાંના અપમાન સમી લેખાવી હતી.

સરકારે પ્રતિબંધ મુકયો હોવા છતાં બાલારામ નદીમાં મોટાપાયે પ્લાટિક ઓફ પેરીસની દશામાં ની મૂર્તિઓ સહિતની પુજા–સામગ્રીને પધરાવવામાં આવી છે. જે પગમાં ખુંદાતી હોઈ લોકોની ધામિક લાગણી દુભાવાની સાથે નદી પણ પ્રદુષિત થઈ રહી હોવાની લાગણી કેટલાક શિવભકતોએ વ્યકત કરી હતી.

આમ, દશામાં ના ભકતો જાણે–અજાણે બાલારામ નદીની દુર્દશા માટે જવાબદાર બન્યા છે. જેના કારણે દુર–સૂદુરથી બાલારામ નદીનું સાંનિધ્ય માણવા આવતા શિવભકતોમાં કચવાટની લાગણી જોવા મળી હતી.

## હમીરગઢ ગામ નજીક કાર પલટી ખાતા શિક્ષકનું મોત

હિંમતનગર, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના હિંમતનગરથી શામળાજી નેશનલ હાઈવે ૮ પર આવેલ હમીરગઢ ગામ નજીક સોમવારની મોડી સાંજના કાર અચાનક પલટી ખાઈને ખેતરમાં જઈ પડી હતી. જેમાં સવાર શિક્ષકનું સ્થળ પર મોત નીપજ્યું હતું જ્યારે ચાલક સરપંચ ફરાર થઈ ગયો હતો. આ અંગે ગાંભોઈ પોલીસમથકે તલોદ તાલુકાના નવલપુર ગામના ચીમનભાઈ વેણાભાઈ પટેલે ફરિયાદ નોંધાવેલ હતી.

ગાંભોઈ પોલીસમથકના પી.એસ.આઈ. એ.એલ. આચાર્યએ જણાવેલ કે તલોદ તાલુકાના રણાસણ ગામના સરપંચ સુર્યવીરસિંહ હરિચંદ્રસિંહ પરમાર અને વરવાડા ગામના શિક્ષક જશવંતસિંહ સોનસિંહ ઝાલા બંને જણા એસેન્ટ કાર નંબર જીજે-૯-એજી-૨૯૯૧ માં સોમવારની મોડી સાંજે શામળાજીથી હિંમતનગર તરફ આવતા દરમિયાન હમીરગઢ ગામ નજીક ૭.૪૫ વાગેના સમયે ચાલક સુર્યવીરસિંહ પરમાર કાર પર અચાનક કાબુ ગુમાવી દેતા કાર દશથી વધુ પલટીઓ ખાઈને રોડ સાઈડના ખેતરમાં પડી હતી. જેમાં ૫૦ વર્ષીય શિક્ષક જશવંતસિંહ સોનસિંહ ઝાલાનું ગંભીર ઈજાને કારણે મોત નીપજ્યું હતું. જ્યારે ચાલક સરપંચ ફરાર થઈ ગયો હતો. આ અંગે ગાંભોઈ પોલીસમથકે ફરિયાદ નોંધાયેલ હતી.

## બી.કે. મર્કેન્ટાઈલ બેંક લૉ કોલેજના છાત્રો વિધાનસભા - વડી અદાલત શૈક્ષણિક મુલાકાતે

પાલનપુર, તા. ૩૧

બી.કે. મર્કેન્ટાઈલ બેંક લો કોલેજ પાલનપુર દ્વારા અભ્યાસક્રમના ભાગરૂપે રાજ્યની વિધાનસભા અને હાઈકોર્ટની મુલાકાત ગોઠવવામાં આવેલ હતી.

રાજયની વડી આદાલતની મુલાકાત ઉપરાંત વડી અદાલતના ગ્રંથાલય તેમજ જ્યુડીશીયલ એકેડમીની મુલાકાત કરવામાં આવેલ. જ્યાં પી.સી.ઠાકર, દ્વારા વિદ્યાર્થીઓને કાયદા વિષયક તેમજ ન્યાયવિષયક બાબતોની સમજ આપી હતી.

વિધાનસભાના ચોમાસા સત્રનો લાભ મળેલ. સત્ર દરમ્યાન બંન્ને પક્ષોની રજુઆત સાંભળવા મળેલ. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિની મદદથી મુલાકાત ગોઠવવામાં આવેલ. ઉપરોક્ત શૈક્ષણિક પ્રવાસ કોલેજના આચાર્યા ડૉ. મીનલબેન ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કોલેજના વ્યાખ્યાતા વિશાલભાઈ ગઢવી અને કુ. વૈશાલીબેન પંચાલે પ્રવાસ સફળ બનાવવા જહેમત ઉઠવી હતી.

## જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચે પાંચનો જેલ હવાલે કર્યા

હિંમતનગર, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયા અને જિલ્લા કલેક્ટર જયપ્રકાશ શિવહરે સુચના અનુસાર લોકલ ક્રાઈમ બ્રાંચના પી.આઈ. ડી.પી. ચુડાસમા અને સ્ટાફે સોમવારના રોજ હિંમતનગરથી પશુઓની હેરાફેરી કરનારા અને શામળાજી પોલીસમથકના ગુનામાં સંડોવાયેલા પંજાબના જલંધર જિલ્લાના ફલોર તાલુકાના રાજોવાડ ગામના હરવિંદસિંગ ગુરદીપસિંહ ખોસલા અને હરનેકસિંગ સરવનસિંગ ખોસલાને પાસા હેઠળ અટકાયત કરી પોરબંદર જેલમાં મોકલી આપેલ જ્યારે પી.બી.એમ. એક્ટ હેઠળ કાળાબજારની પ્રવૃત્તિ કરતા મોડાસાના ગુલામરસુલ એહમદભાઈ ઉપાદ અને મોડાસા તાલુકાના સાયરા ગામના રમણભાઈ હીરાભાઈ ચમારની અટકાયત કરી. ગુલામરસુલ એહમદભાઈ ઉપાદ પોરબંદર અને રમણભાઈ હીરાભાઈ ચમારને ભાવનગર જેલમાં મોકલી આપેલ હતા. ઉપરાંત જામનગરના જોડિયા પોલીસમથકના ગુનામાં નાસતો ફરતો સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા રહેતો મહેશભાઈ રતનભાઈ શાહને પકડી પાડી જોડિયા પોલીસમથકે સોપ્યો હતો.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| અલ્તાફ શેખ | મોડાસા | ૯૯૯૮૮૯૮૬૭૮ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| રમેશચંદ્ર ચોક્સી | શામળાજી | ૯૪૨૭૫૨૮૯૪૧ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ, બ.કાં.) | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
• ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
• ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
• હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
• મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન